# સરસ્વતી માતાની પ્રતિમા પુનઃ ઘ-૬ સર્કલ પર પ્રસ્થાપિત

## સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા નવા સત્રના પ્રારંભે પ્રતિમા પ્રસ્થાપિત થતા સર્કલ ઝળહળી ઉઠ્યુ : વિદ્યાર્થીઓમાં આનંદ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરના કેટલાક સર્કલો શહેરની સેવાભાવી સંસ્થાઓએ દત્તક લઈ તેની દેખભાળની જવાબદારી સ્વીકારી છે. જેમાં ઘ-૬ સર્કલની જવાબદારી કડી સર્વ વિદ્યાલય મંડળની હોવાથી થોડા સમય અગાઉ સર્કલ વચ્ચે આરૂઢ મા સરસ્વતીની પ્રતિમાને સાફ સફાઈ અર્થે કેમ્પસ ખાતે લઈ ગયા હતા. જેને નવા રંગરૂપ અને આકર્ષક શણગારથી સજાવી પુનઃ પ્રસ્થાપિત કરતા સર્કલ ઝળહળી ઉઠ્યુ છે. શહેરની રોનક ગણાતા આ આરૂઢ મા સરસ્વતીની પ્રતિમાને યોગ્ય રીતે સાફ સફાઈ અને જરૂરી મરામત કરવા કેમ્પસ ખાતે લઈ ગયા હતા.

જેને કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલે તથા માજી ધારાસભ્ય અને લેખીકા ચંદ્રાબેન શ્રીમાળીએ મૂર્તિ નિષ્ણાંત હસુમતીબેન મૂર્તિવાળાને સોંપી પ્રતિમાને આકર્ષક બનાવવા જણાવ્યું હતું. જેના પરિણામ સ્વરૂપ સરસ્વતીની પ્રતિમા અદ્‌ભૂત સાજ-સજાવટ, નવારંગરૂપ અને શણગાર સાથે તૈયાર કરી મંગળવાર સમી સાંજે કેમ્પસ ડાયરેક્ટર તથા માજી ધારાસભ્યના હસ્તે પુનઃ


(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

સર્કલની સમયસર કાળજી લેવાતા આ વિસ્તાર રમણીય લાગી રહ્યો છે.

શહેરની આન-બાન અને શાન ગણાતા માર્ગો વચ્ચે આવેલા સર્કલ યોગ્ય તકેદારી થકી શહેરનું આકર્ષણ બન્યા છે. જેમાં ઘ-૬ સર્કલ વિદ્યાની દેવી ગણાતી મા સરસ્વતીની પ્રતિમાથી વિશેષ મહત્વ ધરાવે છે. કડી કેમ્પસ નજીક આવેલા આ સર્કલને મંડળે દત્તક લઈ તેની જવાબદારી ઉપાડી લીધી છે. અને તેને સંપૂર્ણ રીતે નિભાવી પણ રહ્યા છે. વેકેશન દરમ્યાન આ સર્કલ વચ્ચે પ્રસ્થાપિત કરી હતી.

શૈક્ષણિક સંકુલ નજીક હોવાથી વિદ્યાર્થીઓથી ધમધમતા આ સર્કલે મા સરસ્વતીના આ નવા રૂપના દર્શન કરી તેમના ભક્તો ગદગદિત થઈ રહ્યા છે. ઉલ્લેખનીય છે કે શહેરના અન્ય આકર્ષણ જેવા કે ૨૮નો બગીચો, અક્ષરધામ તથા અન્ય શૈક્ષણિક સંકુલો આ માર્ગ ઉપર જ આવતા હોઈ આ સર્કલનું વિશેષ મહત્વ બન્યુ છે અને લોકાર્પણ સર્કલની વિશેષતાથી અતિભૂત થઈ વખાણ કરી રહ્યા છે.

# ગાંધીનગરમાં વાતાવરણ પલટાયું

## ચોમાસાના આગમનની એંધાણી : તાપમાનમાં ઘટાડો પરંતુ બફારો



ગાંધીનગર, તા. ૧૧

ચોમાસાના આગમન પૂર્વે વાતાવરણમાં પલટો આવતો જાય છે. છેલ્લા ત્રણ-ચાર દિવસથી મહત્તમ તાપમાન ઘટતુ જઈ રહ્યું છે. જો કે સાથે જ ભેજનું પ્રમાણ વધતા અસહ્ય બફારાથી વસાહતીઓ ત્રાસી ગયા છે. અરબી સમુદ્રમાં સર્જાયેલા વાવાઝોડાના કારણે હવામાનમાં પલટો આવ્યો હોવાનું હવામાન વિભાગે જણાવ્યું છે.

ભારે હીટવેવનો અનુભવ કર્યા બાદ થોડાક દિવસોથી વાતાવરણમાં પલટો આવ્યો છે. ગઈકાલે આખીરાત સતત પવન ફુંકાયો હતો તો આજે પણ આખો દિવસ તેજ ગતિથી પવન ફુંકાતો રહ્યો હતો. સાથે જ ધૂળની ડમરીઓ પણ સતત ઉડતી રહી હતી. પવનના કારણે આકાશમાં આછાપાતળા વાદળો પણ છવાયા હતા. જેના કારણે તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. જો કે વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધતા બફારો ખુબ થાય છે. પંખાની નીચેથી જરાક ખસો તો પણ પરસેવે રેબઝેબ થઈ જવાય છે. બફારાથી સૌ કોઈ ત્રાસી ગયા છે. આજે મહત્તમ તાપમાન ૩૯.૫ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૩૦.૫ ડિ.સે. નોંધાયું હતું. જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૬૨ ટકા અને સાંજે ૩૪ ટકા રહ્યું હતું.

# સે-૨૨માં ભર બપોરે વીજ પૂરવઠો ખોરવતા વસાહતીઓ ત્રાહિમામ

## વધુ વીજ વપરાશના કારણે ડીપીમાં ધૂમાડો નીકળતા તંત્રએ આવી વીજ પુરવઠો બંધ કરી દીધો

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણા દિવસોથી વીજળી ડૂલ થઈ જવાની બુમરાણ ઉઠવા પામી છે. ત્યારે આજે શહેરના સે-૨૨માં વીજ પુરવઠાની ડીપીમાં આગ લાગતા સમગ્ર વિસ્તારમાં ભર બપોરે વીજળી ડૂલ થઈ ગઈ હતી. પરિણામે કાળઝાળ ગરમીથી રહીશો ભારે ત્રાહીમામ પોકારી ઉઠયા છે.

મળતી માહિતી અનુસાર ગાંધીનગર શહેર સહિત રાજયભરમાં ગરમીએ કાળો કેર વર્તાવ્યો છે અને કાળા માથાના માનવીની સાથે સાથે પશુ-પંખીઓ પણ તોબા પોકારી ઉઠયા છે. સવાર ઉગતાની સાથે સૂર્ય દેવનો તેજ પ્રકોપ લોકોને દઝાડી રહ્યો છે. જેનાથી રાહત મેળવા લોકો ઘરમાં કે ઓફિસમાં જ પુરાઈ રહેવાનું પસંદ કરે છે. પરંતુ છેલ્લા ઘણા સમયથી ગાંધીનગરમાં ગરમીની સાથે સાથે આતંરે દિવસે વીજ પુરવઠો ખોરવાવાની ઘટના બનવા પામી છે. ગાંધીનગરના વિવિધ સેકટરોમાં મોટા ભાગે ભર બપોરે અને રાત્રિના સમય દરમિયાન વીજળી ડૂલ થવાની ઘટનાએ રહીશોની હાલત પડયા પર પાટુ જેવી થવા પામી છે. ગાંધીનગરમાં સેકટર-૨૨ સ્થિત ૧૭/૨૨ની વિજળીની ડીપીમાં શોર્ટ સર્કિટ થતા આજે બપોરે બે વાગ્યાના સુમારે સમગ્ર વિસ્તારમાં વીજળીનો પુરવઠો ઠપ થઈ ગયો એ.સી. પંખા અને કુલરમાં બપોરની નિંદર માણતા લોકોના ઘરમાં વીજઉપકરણો અચાનક જ ઠપ થઈ જતા ઉંઘ હરામ થઈ હતી. પરસેવે રેબઝેબ થઈ લોકો ગરમીને લઈ તોબા પોકારી ઉઠયા હતા.

# પાટનગર યોજનામાં સ્ટાફના અભાવે કામો અટવાયા

## એસ.ઓ.ના મંજૂર મહેકમ સામે ૮૦ ટકાની છૂટ : તંત્રના અધિકારીઓ માટે શિરદર્દ : વહીવટ કથળ્યો

ગાંધીનગર, તા.૧૧

પાટનગર યોજના ભવનમાં મેનપાવરના અભાવે માળખાગત સુવિધા ઉપરાંત વિકાસના નવતર કામોમાં અડચણ ઉભી થઈ છે. કાર્યભારણ વચ્ચે અધિકારીઓ માટે શિરદર્દ ઉભો થયો છે. ભવનની મોટાભાગની ડિવીઝનલ કચેરીઓમાં એસ.ઓ.ની ઘટનો પ્રશ્ન મુખ્ય બન્યો છે. મંજૂર મહેકમ સામે ૮૦ ટકા એસ.ઓ.ની ઘટ પ્રવર્તી છે. ડિવીઝન-૧માં જ ૨૪ના મંજૂર મહેકમ સામે ૧૮ની ઘટ છે.

શહેરમાં પાણી, ગટર અને રસ્તા સહીત વિકાસના અનેકવિધ પ્રોજેકટની જવાબદારી જેના શીરે છે તેવા પાટનગર યોજના વર્તુળની વિવિધ કચેરીઓમાં મેનપાવરના અભાવે વહીવટી કામગીરી ખાડે ગઈ છે. પાટનગર યોજનાની વિવિધ ડિવીઝનલ કચેરીઓમાં એસ.ઓ.ની ઘટનો પ્રશ્ન મુખ્ય બન્યો છે. મંજૂર મહેકમ અને જરૂરિયાત સામે હાલની સ્થિતિએ માત્ર ૨૦ ટકા મેન પાવર જ ઉપલબ્ધ છે. કેટલાક સબ ડિવીઝનોમાં એક પણ એસ.ઓ.ની ઘટનો પ્રશ્ન મુખ્ય બન્યો છે. મંજૂર મહેકમ અને જરૂરિયાત સામે હાલની સ્થિતિએ માત્ર ૨૦ ટકા મેનપાવર જ ઉપલબ્ધ છે. કેટલાક સબ ડિવીઝનોમાં એક પણ એસ.ઓ. ન હોવાથી અધિકારીઓ માટે જરુરી કામોને ઝડપથી આગળ ધપાવવાનું કામ મુશ્કેલ બન્યું છે. પાટનગર યોજના ભવનમાં ૨૪ મંજૂર મહેકમ સામે માત્ર ૬ જ એસ.ઓ. હોવાનું સ્પષ્ટ થયું છે. જયારે અન્ય ડિવીઝનોમાં પણ એસ.ઓ.ની ઘટનો પ્રશ્ન ઈજનેરો માટે માથાના દુઃખાવારૂપ સાબિત થયો છે. મેનપાવરના અભાવે શહેરમાં પ્રજાલક્ષી કામોમાં અડચણ ઉભી થયા ઉપરાંત નવા આયોજનો સંદર્ભે ઝડપી કામ હાથ ધરી શકાતા નથી. કરાર આધારિત ભરતીને પણ કોઈ સત્તા ન હોવાથી તંત્ર માટે કપરા સંજોગો ઉભા થયા છે. કામના આયોજન ઉપરાંત ફીલ્ડ વર્કનું કામ પણ નબળી સ્થિતિમાં મુકાયું છે.

# અડાલજમાં ૧૦ હોટલ માલિકોને નોટીસ ફટકારતુ આરોગ્ય તંત્ર !!

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર નજીક અડાલજની વડવાળી ચાલી વિસ્તારમાં નોંધાયેલા સાદા ઝાડાના કેસોને લઈ હરકતમાં આવેલા આરોગ્ય તંત્રએ ૧૦ જેટલા હોટલ માલિકોને નોટીસ ફટકારી છે. ગામમાં બે થી ત્રણ જેટલા પાણીના લીકેજીસ પણ મળી આવતાં તંત્રના સત્તાવાળાઓ ચોંકી ઉઠયા છે.

મળતી વિગતો પ્રમાણે અડાલજમાં બનેલા સાદા ઝાડાના કેસોને પગલે સર્વેલન્સ દરમ્યાન આજે વધુ ૩ કેસ મળ્યા હતા. જો કે આ દર્દીઓને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. આરોગ્યતંત્રના સત્તાવાળાઓએ દાવો કર્યો છે કે પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણમાં છે.

આરોગ્ય તંત્રના અધિકારીઓએ હાથ ધરેલા સર્વેલન્સમાં ગામની ૧૦ જેટલી હોટલોમાં સ્વચ્છતા અને અખાદ્ય પદાર્થોનું વેચાણ થતુ હોવાનું ધ્યાને

● અનુસંધાન પાન-૭ પર

# આજે મેડીકલ કોલેજમાં ડિપ્લોમાં અભ્યાસક્રમ માટે ઈન્સ્પેકશન

## ચાર અભ્યાસક્રમો શરૂ કરવા મંજૂરી નેશનલ બોર્ડ પાસે માંગી છે ત્રણ વર્ષનો અભ્યાસક્રમ છે : કોલેજે ૨૦ બેઠકોની માંગ કરી છે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર મેડીકલ કોલેજમાં પી.જી.ની સમકક્ષ ડિપ્લોમાં અભ્યાસક્રમ માટે આજથી ઈન્સ્પેક્શનનો દોર નેશનલ બોર્ડ ઓફ ડિપ્લોમાં અભ્યાસક્રમ દ્વારા શરૂ થઈ રહ્યો છે. આજે નાક-કાન-ગળાના અભ્યાસક્રમ માટે ટીમ ઈન્સ્પેક્શન માટે આવી રહી છે.

મેડીકલ કોલેજના સત્તાવાર સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ કોલેજે ચાર અભ્યાસક્રમો શરૂ કરવા માટે અરજી કરી હતી. જેમાં નાક-કાન-ગળા, ચામડી, આંખ અને એનેસ્થેસિયાના અભ્યાસક્રમનો સમાવેશ થાય છે. વીસ બેઠકોની માંગણી કરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે આજે ઈએનટીની ઈન્સ્પેક્શન ટીમ આવ્યો આ પછી ૧૭મીએ ઓપ્થેલમોલોજી માટે ટીમ આવી રહી છે. આ પછી બીજી બે અભ્યાસક્રમ માટે ટીમ આવશે. જેના ઈન્સ્પેક્શનની તારીખો હજુ જાણવા મળી શકી નથી.

ગાંધીનગર મેડીકલ કોલેજને ત્રણ વર્ષ પૂર્વે મંજૂરી મળી છે. ૧૫૦ બેઠકો ધરાવતી આ મેડીકલ કોલેજે ત્રણ વર્ષમાં જ સફળતાના શિખરો સર કરી એક આગવી ઓળખ મેડીકલ અભ્યાસક્રમ ક્ષેત્રે પ્રાપ્ત કરી છે. કોલેજ સાથે જોડાયેલ હોસ્પિટલ પણ એન.એ.બી.એચ. પ્રમાણપત્ર ધરાવી રહી છે.

હાલ મેડીકલ કોલેજમાં આવી રહેલા ઈન્સ્પેક્શનને લઈ તડામાર તૈયારીઓ ચાલી રહી છે. હોસ્ટેલ તેમજ કોલેજ કેમ્પસનું નિર્માણ થઈ ચુકયુ છે. કોલેજમાં અદ્યતન લાયબ્રેરીની સુવિધા તેમજ આનુસંગિક સગવડો અદ્યતન છે.

મેડીકલ કોલેજમાં આ ડિપ્લોમાં અભ્યાસક્રમની મંજૂરી મળતાં જ ત્રણ વર્ષના ટુંકાગાળામાં પી.જી. સમકક્ષ અભ્યાસક્રમ શરૂ થયો હોય તેવી રાજ્યની પ્રથમ કોલેજ બનશે. સત્તાવાળાઓ મંજૂરી મળવા માટે સંપૂર્ણ આશાવાદી છે. ગાંધીનગર નોલેજ કોરીડોર તરીકે પણ આ મંજૂરી મળતાં આગવું સ્થાન પ્રાપ્ત કરશે. ચારેય વિદ્યાશાખામાં પાંચ-પાંચ બેઠકો માંગવામાં આવી છે.

# ગંદકી અટકાવવા સેક્ટર-૧ના તળાવ ફરતે ૧૯ લાખના ખર્ચે દિવાલ બનાવાશે

## વરસાદી પાણીથી માટીનું ધોવાણ અટકાવવા નવતર આયોજન : ચોમાસામાં તળાવની રોનક નિખરશે

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરના સે-૧ના તળાવને પીકનીક આર.સી.સી વોલ બનાવવાનો નિર્ણય લેવાયો છે. આ કામગીરી પાછળ રૂ.૧૯ લાખનો ખર્ચ થશે.



સ્પોટ બનાવવા પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ થયો છે. આમ છતાં આ યોજના હજુ પૂર્ણરૂપે સાકાર થઈ નથી. તળાવ પાસે સુંદર ઉદ્યાનનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે. જયારે તળાવમાં કચરો અને ગંદકી ન ફેલાય તે માટે તંત્ર દ્વારા તળાવ ફરતે

સેક્ટર-૧ ના તળાવને પીકનીક સ્પોટ બનાવવાની યોજનાનું સ્વપ્ન હજુ પૂર્ણરૂપે સાકાર થયું નથી. સેક્ટરમાં ભવ્ય તળાવ નિર્માણ બાદ આસપાસ હરિયાળા બગીચાનું પણ નિર્માણ કરવામાં આવ્યું

● અનુસંધાન પાન-૭ પર

# લાલ-લાઈટ કે ફ્લેશરના આડેધડ ઉપયોગ સામે ગૃહ વિભાગની લાલ આંખ

## શહેરના ચ-માર્ગ પર પોલીસે કાર્યવાહી શરૂ કરી

ગાંધીનગર, તા. ૧૧

સચિવાલયના ગૃહ વિભાગે આજે એક પરિપત્ર જાહેર કરી કયા કયા અધિકારી પદાધિકારી અને મહાનુભાવો તેમની ફરજ દરમિયાન વાહનો ઉપર લાલ રંગની લાઈટ તેમજ લાલ રંગની લાઈટ વીથ ફ્લેશર લગાવી શકશે તે નક્કી કરવામાં આવ્યું છે અને ગેરકાયદેસર લાલ લાઈટનો ઉપયોગ કરનાર સામે કડક પોલીસ કાર્યવાહી કરવામાં આવશે.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજ્ય સચિવાલયના ગૃહ વિભાગ દ્વારા આજે ગેરકાયદેસર અને નિયમ વગર પોતાના વાહન ઉપર લાલ લાઈટ લગાવી ફરતા અધિકારી કે પદાધિકારી સામે લાલ આંખ કરી છે અને કયા અધિકારી પદાધિકારી અને મહાનુભાવો તેમની ફરજ દરમિયાન વાહનો ઉપર લાલ રંગની લાઈટ તેમજ લાલ રંગની લાઈટ સાથે ફ્લેશર લગાવી સકશે તે અંગેનો પરિપત્ર જાહેર કર્યો છે.

આ પરિપત્રમાં નામ. રાજ્યપાલશ્રી, મુખ્યમંત્રી, કેબીનેટ મંત્રીઓ, રાજ્યકક્ષાના મંત્રીઓ, નાયબ મંત્રીઓ, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ, વિરોધ પક્ષના નેતા, ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ, ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિઓ, મુખ્યમંત્રીના અગ્ર સચિવ, મુખ્યમંત્રીની કચેરીના અધિક અગ્ર સચિવ અને સચિવો, રાજ્યના મુખ્ય સચિવ, ગૃહ વિભાગના અગ્ર સચિવ, અગ્ર સચિવ (વાહન વ્યવહાર) ગૃહ વિભાગ અને અગ્ર સચિવ (કર્મચારીગણ) સામાન્ય વહીવટી વિભાગ ફ્લેશર સાથે લાલ લાઈટની સત્તા ધરાવે છે. જ્યારે નામ. રાજ્યપાલની પાયલોટ કાર, મુખ્યમંત્રીની પાયલોટ કાર, ગુજરાત વિધાનસભાના નાયબ અધ્યક્ષ, રાજ્યના લોકાયુક્ત, અધ્યક્ષ સરદાર સરોવર પરિયોજના ફરિયાદ નિવારણ પ્રાધિકરણ ગુજરાત રાજ્ય,

● અનુસંધાન પાન-૭ પર

# નર્મદા ડેમ પર દરવાજા અંગે વિપક્ષના આક્ષેપો વાહિયાત

## ભાજપના પ્રદેશ પ્રવક્તા આઈ.કે. જાડેજા દ્વારા આક્ષેપોની ઝાટકણી : પાણીના ટેન્કરોની વાત ભૂતકાળ બની ગઈ છે

અમદાવાદ, તા.૧૧

ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રવક્તા આઈકે જાડેજાએ ગુજરાત વિધાનસભા વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ નર્મદા ડેમ પર દરવાજા મુકવા અંગે કરેલા નિવેદનને મનઘડંત અને આ વરિષ્ઠ કોંગ્રેસીનું અજ્ઞાન છતું કરનારૂં નિવેદન ગણાવ્યું છે.

ભાજપ પ્રદેશ પ્રવકતાએ કોંગ્રેસી નેતાનો આ નિવેદનની આકરી પ્રતિક્રિયા આપતાં કહ્યું કે, અત્યાર સુધી નર્મદા યોજનાને ટલ્લે ચડાવનારી અને રાજકીય રોટલા શેકવા ગુજરાતને સતત અન્યાય કરતી રહેલી કોંગ્રેસ, હવે જ્યારે કેન્દ્રમાં ભાજપાની સરકાર આવી છે અને નર્મદા ડેમ પર દરવાજા મુકવાનું ઉંચાઈ વધારવાનું કામ ઝડપભેર આગળ વધવાનું છે ત્યારે પોતાના બારેય વહાણ ડુબી જશે અને પ્રજા માનસમાં કોંગ્રેસની રહી-સહી શાખ પણ ધોવાઈ જશે તેવા ભયતી

● અનુસંધાન પાન-૭ પર

**PUBLIC NOTICE** Notice is hereby given, that the following sub-broker is no longer affiliated as sub-broker of ICICI Securities Ltd., Member of National Stock Exchange of India Ltd. (SEBI Regn. No. INB230773037) and Bombay Stock Exchange Ltd. (SEBI Regn. No. INB011286854), having Corporate office at Shree Sawan Knowledge Park, Plot No. D-507, T.T.C. Industrial Area, MIDC, Turbhe, Navi Mumbai – 400 705. For any queries contact: Sub broker Operations dept at 022-4070 1433. Any person henceforth dealing with below mentioned sub-broker should do so at their own risk. ICICI Securities Ltd. shall not be liable for any dealings with him.

| Sr No | Name of the Sub broker | Trade Name | Address | SEBI Regn No & Date |
|---|---|---|---|---|
| 1. | Vishal Dhirubhai Patel | Vishal Dhirubhai Patel | C – 6, Bhagyalaxmi Society, Piplod, Surat, Gujarat-395007 | NSE INS 234094311/23-07730 Dated Jul 20, 2007 BSE INS 014228113 / 01-07730 Dated Jan 24, 2012 |

Date : 12.06.2014
Place: Mumbai
By Order of Director ICICI Securities Limited
Anup Bagchi




SANGHI CEMENT · KisaN · ashirvad C. PVC, UPVC · VINAYAK 500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · DR.FIXIT · TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com